ખૂબ જ અગત્યનું

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## સંશોધન નિયામકશ્રીની કચેરી, આયોજન સેલ,

## આણંદ

વંચાણે લીધો: ૧ આ કચેરીના પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૪૧૨૮-૪૨૨૮/૧૨, તા.૨૧-૦૭-૨૦૧૨

૨ આ કચેરીના પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૬૨૦૨/૧૨, તા.૧૪-૦૯-૨૦૧૨

3 આ કચેરીના પરિપંત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૭૩૫૯/૧૨, તા.૧૫-૧૦-૨૦૧૨

૪ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/ કોમ્પ્ટ / બીજીટી /પ્લાન આર-3/ ૧૦૭૮૭ખ્૮૩૬/૧૩, તા. ૨૨/03/૨013

વિષય: સને ૨૦૧૨-૧૩ માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં ચાલુ તેમજ નવા કાર્યક્રમોના નિયત્રણ અધિકારીશ્રીઓ સાથે તા.૧૧/૧૨-03-૨013ના રોજ બેઠકમાં ચર્ચા થયા મુજબ તેમજ જરૂરિયાતને ધ્યાને લઇ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે સંદર્ભ-૪ના ઓફીસ ઓર્ડરથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ગ્રાન્ટ ફેર ફાળવણીના હુકમો કરેલ છે. અત્યાર સુધીમાં થયેલ ખર્ચને ધ્યાને લેતાં ખર્ચની પ્રગતિ ઘણી નબળી છે.

આથી સર્વે આયોજીત યોજનાઓના વડાશ્રીઓને કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, પગાર ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગની ગ્રાન્ટ ત્રીજી રીવ્યુ બેઠકમાં નકકી થયા મુજબની ફાળવણી હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે કરેલ છે. આ ફાળવણી મુજબ રીકરીંગ સદરે અને નોન-રીકરીંગ સદરે ખર્ચ થાય તે બાબતે પૂરતી કાળજી રાખવા જણાવવામાં આવે છે. સને ૨૦૧૨-૧૩માં મંજૂર થયેલ નોન-રીકરીંગ સાધનોની માર્ચ-૨૦૧3 પહેલા ખરીદી કરવાની પ્રક્રિયા પૂરી કરવાની રહેશે. આયોજીત યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાય તેવું આગોતરુ આયોજન કરી વર્ષાન્તે ૧૦૦ ટકા નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંક હાંસલ થાય તે માટે આયોજીત યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રોઓને આયોજન કરવાનુ રહેશે. જો ફાળવણી મુજબ ખર્ચ નહીં થવાના કારણે યોજનાની પ્રગતિમાં અસર પડશે, તો તેની જવાબદારી જે તે યોજનાઓના વડાશ્રીઓની રહેશે.

સંશોધન નિયામક અને
અનુસ્નતાક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/અયન-૨/૨૦૧૨-૧૩/ ૧૨૭૧૬/૧૩,
તારીખ: ૨૮/03/૨૦૧૨
નકલ સવિનય રવાના:પ્રતિ,

(૧) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી; આ.કૃ.યુ., આણંદ
(3) આયોજીત યોજનાઓના ઈન-ચાર્જ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે ઘટતી કાર્યવાહી કરવા સારૂ
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી,આ.કૃ.યુ., આણંદ તરફ આયોજીત યોજનાઓના બાંધકામોના ફંડના વપરાશ કરવાનો રહેશે.
(૫) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ તરફ જાણ સારૂ